ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૧૬ ટકા

# સે-૧૧ કોમર્શીયલ વિસ્તારમાં દબાણો પાછા યથાવત

## આડેધડ પાર્ક કરેલ કાર ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવા માંગ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં દબાણનો પ્રશ્ન માંથાના દુખાવા સમાન બનવા પામ્યો છે. તંત્રના અધિકારીઓ પણ દબાણના પ્રશ્ને માથા ખંજવાળતા નજરે પડે છે. ત્યારે શહેરના સેકટર-૧૧ ખાતે તંત્રની ટીમ દ્વારા દબાણકારોને ખદેડી મુકવામાં આવ્યા હતા. પરંતુ સમય જતા લારી ગલ્લાના દબાણકારો ફરીવાર યથાવત જગ્યાએ ગોઠવાઈ ગયા છે. જયારે સે-૧૧માં લારી ગલ્લાના દબાણને કારણે કાર પાર્કીંગની પણ સમસ્યા ગંભીર બનવા પામી છે. આડેધડ વાહનોના ખડકલાને કારણે વ્યવસ્થિત કાર પાર્ક કરનાર વાહનચાલકને કલાકો સુધી રાહ જોવી પડે છે ત્યારે આ વિસ્તારમાં ટોંઈગવાન પણ ચક્કર લગાવીને આડેધડ પાર્ક કરેલ કાર ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર શહેરના માર્ગો તેમજ સેકટરોના આંતરીક માર્ગો પર લારી-ગલ્લાના દબાણો ગોઠવાઈ ગયા છે. શહેરમાં રાત્રે ના વધે તેટલા દબાણો દિવસે વધતા જાય છે. શહેરના દબાણમુક્ત કરવા સમયાંતરે દબાણવિભાગની ટીમ દબાણકારો પર ત્રાટકીને દબાણો દુર કરે છે. પરંતુ દબાણકારો થોડા દિવસ બાદ ફરીવાર પોતાના સ્થળે ગોઠવાઈ જાય છે. દબાણનો પ્રશ્ન શહેરના નાગરીકો માટે અને તંત્ર માટે મુખ્ય પ્રશ્ન બની ગયો છે. ત્યારે શહેરના વાણીજય વિસ્તારમાંથી લારી-ગલ્લાના દબાણ હટાવવાની કામગીરી દબાણ વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ દબાણ હટતા કાર પાર્કીંગની સમસ્યા પણ હળવી બનવા પામી હતી. પરંતુ ગણ્યાંગાંઠ્યા દિવસો બાદ પોતાની નિયત જગ્યાએ લારી-ગલ્લા ગોઠવાઈ જતા વાહન પાર્કીંગની સમસ્યા ઉદભવી છે. જયારે સે-૧૧ માં આડેધડ વાહનો ખડકાઈ જતા પાર્કીંગમાં ગોઠવેલા વાહનચાલકોને અડધો કલાક સુધી રાહ જોવી પડે છે ત્યારે આ સમસ્યાને નિવારવા માટે ટ્રાફિક વિભાગની ટોંઈગવાન આડેધડ પાર્ક કરતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# આજે ગાંધીનગરમાં વિરાટ દેવીપુજક સંઘની મહાકાલી સંકલ્પ યાત્રા આવી પહોંચશે

ગાંધીનગર, તા.૩૦

વિરાટ દેવીપુજક સંઘ દ્વારા દેવીપુજક સમાજમાં શિક્ષણ, બેટી પઢાવો બેટી બચાવો, વ્યસન મુકિત અને પોતાના અધિકાર અને હકક માટે સમાજના ભાઈ બહેનોમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી ગત્ તા.૧૦ ફેબુઆરીના રોજ પાવાગઢ મહાકાળી માતાજીના આશિર્વાદ મેળવી અખિલ ગુજરાત મહાકાલી સંકલ્પ રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. આ રથયાત્રા ગુજરાતના સમગ્ર જિલ્લા, તાલુકા તેમજ ગામડાઓમાં ફરીને તા.૩૧ માર્ચના રોજ ગાંધીનગર ખાતે આવી પહોંચશે. શહેરના વિવિધ સેકટરોના માર્ગો પર થઈને શહેરના મુખ્યત્વે સેકટર-૨૧ તેમજ ૨૪ માં થઈને મહાકાલી સંકલ્પ યાત્રા કોલવડા ગામમાં પરિભ્રમણ કરશે. આ રથયાત્રામાં જોડાવા માટે શહેરમાં વસવાટ કરતા સૌ દેવીપુજક ભાઈ-બહેનોને વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે. જયારે અખિલ ગુજરાત મહાકાલી સંકલ્પ યાત્રાનું સમાપન તા.૧૧ એપ્રિલના સવારે ૧૧ કલાકે રોજ કે-રાહેજા રોડ, રાધે બંગ્લોઝની સામે, કોબા ગામના મેદાનમાં પ્રેક્ષા ભારતી વિશ્વભારતીની સામે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે યજ્ઞ અને ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. મહાકાલી સંકલ્પ યાત્રા તા.૧૧ એપ્રિલના રોજ વૈષ્ણોદેવી સર્કલ ખાતેથી સવારે ૧૦ કલાકે નીકળીને સરગાસણ ચોકડી થઈને ધોળાકુવા સર્કલ થઈને કોબા ખાતે પહોંચશે. જયા રથયાત્રાની પૂર્ણાહુતી થશે અને ત્યારબાદ ભવ્ય યજ્ઞ અને સભા યોજાશે. આ યજ્ઞ દેવીપુજક સમાજના ભાઈ બહેનોમાં શિક્ષણ, વ્યસન મુકિત, રૂઢી ચુસ્ત સમાજના રિવાજોમાંથી જાગૃતિ આવે તે અર્થે કરવામાં આવ્યો છે.

# કડવા પાટીદાર સમાજની ડિજીટલ ડિરેકટરી બનશે

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરના આજીવન સભાસદો માટે સમાજ દ્વારા નવી અદ્યતન ડીજીટલ ડિરેકટરી તૈયાર કરવામાં આવી રહી છે. સમાજના કારોબારી સભ્યો પાસેથી અથવા સમાજના કાર્યાલય ઉપરથી કૌટુંબિક માહિતીનું ફોર્મ મળશે. જેમાં સંપૂર્ણ વિગતો ભરી સંસ્થાના કાર્યાલય ઉમિયા માતાજી સંસ્થાન, સે-૧૨ ખાતે ૧૫ એપ્રિલ પહેલા પહોંચતું કરવા જણાવાયું છે. કડવા પાટીદાર સમાજના આજીવન સભ્યો પોતાની કોટુંબિક માહિતી ઓનલાઈન સંસ્થાની વેબ સાઈટ www.umiyasansthan. com પર અપલોડ કરી શકશે. ડીજીટલ ડિરેકટરીમાં કુટુંબના રજીસ્ટ્રેશન માટે સમાજના આજીવન સભ્ય હોવું જરુરી છે. ગુડા વિસ્તાર અને સેકટરો માટે નવા સભ્યોની નોંધણી ચાલુ છે. નિયત ફોર્મમાં વિગતો ભરવા જણાવાયું છે.

# પી.આઈ.-પી.એસ.આઈ.ની ચેમ્બરમાંથી એ.સી. હટાવશો તો હું ધરણા ઉપર ઉતરીશ

## ઓઢવના પોલીસ મિત્ર યુવાને ધરણાની મંજુરી માંગવા ડીજીપીને પત્ર લખ્યો

ગાંધીનગર, તા.૩૦

રાજય પોલીસ વડાએ પી.આઈ.-પી.એસ.આઈ.ની ચેમ્બરના એ.સી. કઢાવી દેવા સુચના આપી હતી. આ આદેશથી પોલીસ અધિકારીઓ તો નાખુશ થયા છે પરંતુ એક પોલીસ મિત્ર યુવાને નારાજગી વ્યકત કરવા તથા આ આદેશને પરત ખેંચવા ડીજીપી ઓફીસ બહાર જ ધરણા કરવા મંજુરી માંગતા ડીજીપીનો આ આદેશ ચર્ચાસ્પદ થઈ ગયો છે.

અમદાવાદ ઓઢવ વિસ્તારમાં રહેતા પોલીસ મિત્ર વિષ્ણુજી રૂપસંગજી ઠાકોરે રાજયના પોલીસવડાને પત્ર લખ્યો છે. જેમાં ડીજીપીનાં બે દિવસ પહેલા થયેલા એ.સી. નિકાળવા સંદર્ભના હુકમના વિરોધમાં ધરણા પર બેસવા મંજુરી માંગવામાં આવી છે. પી.આઈ.-પી.એસ.આઈ.ની ચેમ્બરમાંથી એ.સી. હટાવી તેનું સૌજન્ય કરનાર વ્યકિત કે સંસ્થાની વિગતો આપવા ડીજીપીએ તમામ જિલ્લાના કમિશનર-એસપીને ઓર્ડર કર્યા હતા. પોલીસના એસી હટાવીને સરકારના વીજબિલનું ભરણ ઘટાડવા માંગતા ડીજીપી સાચા અર્થમાં વિજબીલ ભારણ ઘટાડવા માંગતા હોય તો મંત્રીઓ-રાજકારણીઓના એસી હટાવે... તેવો પત્રમાં ઉલ્લેખ કર્યો છે. જો આ નિર્ણય પરત નહી લેવાય તો ૪થી એપ્રિલે ડીજીપી કચેરીના ગેટ આગળ બપોરે બે વાગ્યે બળબળતા તાપમાં રોડ ઉપર ધરણા ઉપર બેસી વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી વિષ્ણુજી ઠાકોરે ધરણાની મંજુરી માંગતો પત્ર લખ્યો છે.

# શહેરની નારી શકિતનું પુનઃ સન્માન કરાયું

## ઈન્ડિયન લાયન્સના નવા હોદ્દેદારોના શપથ વિધિ સમારોહમાં ગાંધીનગરની ૬ વિશિષ્ટ મહિલાઓને સન્માનિત કરાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની મહિલા શકિતને ફરી એકવાર સન્માનવામાં આવી છે. આ વખતે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ સંસ્થા દ્વારા શહેરના ૬ વિશિષ્ટ નારી રત્નોને સન્માનવામાં આવ્યા છે. ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના વર્ષ ૨૦૧૭-૧૮ માટેના નવ નિયુકત હોદ્દેદારોના શપથવિધિ સમારોહ દરમિયાન આ સન્માન કરવામાં આવ્યું હતું.

સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતેના બ્રહ્માણી કૃપા હોલમાં બુધવારે સવારે ૧૧ કલાકે યોજાયેલ સમારોહમાં નવનિર્વાચિત પ્રમુખ કુંપલબેન દવેની ટીમ સાથે શપથગ્રહણ વિધિ યોજાઈ હતી. આ પ્રસંગે ઈન્ડિયન લાયન્સના નેશનલ ચેરમેન હિતેષભાઈ પંડયા તથા વાઈસ ચેરમેન આશાબેન પંડયા મુખ્ય મહેમાનપદે, તેમજ વિખ્યાત સાહિત્યકાર કવિ માધવ, રામાનુજની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત ધારાસભ્ય અશોકભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શપથગ્રહણ વિધિના પુરોહિતની ભૂમિકા ઈન્ડિયન લાયોનેસ વીંગના ચેરપર્સન દર્શનાબેન ભટ્ટ દ્વારા નિભાવવામાં આવી હતી.



આ સમારોહમાં ગાંધીનગરના ૬ વિશિષ્ટ નારી રત્નો સન્માનિત કરાયા હતા. જેમાં શિક્ષણ ક્ષેત્રે ઈન્દુબેન નિમાવત, ધ્યાન મેડીટેશન માટે રેખાબેન પાંભર, પ્રેસ રિપોર્ટર ચેતનાબેન રાવલ, મેનેજમેન્ટ ડાયરેકટર ડૉ. જીજ્ઞાબેન ત્રિવેદી, ભરતનાટયમ માટે અમીબેન વાંકાણી તથા બ્યુટિશિયન એન્ડ ફેશન ડિઝાઈનર તરીકે શૃંગી દવેનો સમાવેશ થાય છે. સંસ્થાના નવ નિયુકત હોદ્દેદારોમાં પ્રેસિડેન્ટ પદે કુંપલબેન દવે, વાઈસ પ્રેસિડેન્ટ પદે ઉદય પાંભર, સેક્રેટરી પદે લોપા ડાભી, જોઈન્ટ સેક્રેટરી પદે ધૈવત શુકલ અને શિલ્પાબેન દેસાઈ તથા ટ્રેઝરર પદે રશ્મિબેન ગોંડલિયાની નિયુકિત કરવામાં આવી છે.

# નર્સિંગ કોલેજ સંકુલમાં પક્ષી પરબો લગાડાઈ



ગાંધીનગરમાં ઉજવાયેલ હેપ્પી સ્પેરો વીકમાં સેકટર-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના ચોથા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પણ જોડાઈ હતી. આ વિદ્યાર્થીનીઓએ હેપ્પી યુથ કલબ સાથે મળીને કોલેજ સંકુલમાં ચકલી ઘર તથા પંખીઓ માટે પીવાના પાણીના માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કર્યું હતું. આ કાર્ય તેમણે કોલેજમાં આસીસ્ટન્ટ લાયબ્રેરિયન અંજના બારોટના માર્ગદર્શન હેઠળ સંપન્ન કર્યું હતું તથા પક્ષી પરબમાં નિયમિત જળ સિંચન કરવાનો સંકલ્પ પણ વ્યકત કર્યો હતો.

# રાંધેજામાં દરોડો પાડી પોલીસે ૧૨ શકુનીઓ પકડયા

**રૂ. ૪૦ હજારના મુદ્દામાલ સાથે ૧૨ની ધરપકડ : બે શખ્સો ફરાર**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં ખુલ્લા ખેતરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પીએસઆઈ એલ.એસ. ચૌધરી તથા તેમની ટીમે દરોડો પાડયો હતો. ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ૧૨ શકુનીઓને કોર્ડન કરીને દબોચી લેવામાં આવ્યા હતા જયારે બે શકુનીઓ નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે રૂ. ૪૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પીએસઆઈ એલ.એસ. ચૌધરી તથા તેમની ટીમે ગઈ કાલે રાંધેજામાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા જુગારીઓને પકડી પાડયા હતા. પેથાપુર પોલીસે દરોડો પાડીને અમદાવાદ શાહપુરના મહેબુબ બચુ સંધી, બાપુનગરના જયેશ ગમન કોટડીયા, જુહાપુરાના મોહમદ રઝાક ઈકબાલ અજાની, ઘોડાસરના અમીત ભુપેન્દ્ર ઠાકોર, મણિનગરના મીલન રમેશ અગ્રવાલ, મેઘાણીનગરના શ્રી દયાલ રાજવીર યાદવ, સજકુમાર ચવરસિંહ ઠાકોર, કલોલના અમીત જેઠા પ્રજાપતિ, સરખેજના મોહમંદ રફીક અહમદ શેખ અને દરીયાપુરના નજીરમીયા અમીરમીયા શેખ તથા માણસાના હીતેન્દ્ર વસંત જોષીને રોકડ રૂ. ૨૧ હજાર તથા ૧૧ મોબાઈલો મળીને કુલ રૂ. ૪૦,૫૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા. જયારે આ રેઈડ દરમિયાન રાંધેજાનો નિલેશ કનુ પટેલ અને મનુ ડાહ્યા ઠાકોર બંને ભાગી જવામાં સફળ રહ્યા હતા.

# સીસીએલ ટૂર્નામેન્ટના કવૉલિફાઈંગ રાઉન્ડસનો પ્રારંભ

## આપણું ફાઉન્ડેશન પ્રેરિત ચેરિટિ ક્રિકેટ લીગ માટે ૩૨ સરકારી પ્રાથમિક શાળાની ટીમો વચ્ચે મેચો રમાડાઈ રહી છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના યુવાનો દ્વારા સલાવાતી સંસ્થા આપણું ફાઉન્ડેશને શહેરમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકોને પ્રોત્સાહિત કરતી ચેરિટિ ક્રિકેટ લીગ યોજી છે. સીસીએલમાં હાલ કવૉલીફાઈંગ રાઉન્ડની મેચો રમાડવાનો પ્રારંભ કરી દેવાયો છે.

શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોના રમતકૌશલ્યને તક આપી તેમની પ્રતિભાને વિકસાવવાના હેતુથી આપણું ફાઉન્ડેશન દ્વારા અનોખી ક્રિકેટ ટૂર્નામેન્ટ સીસીએલનું આયોજન હાથ ધર્યું છે. ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવતી કુલ ૩૨ સરકારી પ્રાથમિક શાળાઓની ટીમો આ ટૂર્નામેન્ટ માટે તૈયાર કરાઈ છે. પ્રત્યેક ટીમમાં શાળામાં સૌથી વધુ હાજરી આપતા વિદ્યાર્થીઓને પસંદગીમાં અગ્રીમતા અપાઈ છે. આ પાછળનો હેતુ બાળકોને શાળા અભ્યાસ પ્રત્યે જાગૃત કરવાનો પણ છે. આમ તો આ ટૂર્નામેન્ટનો આગામી તારીખ ૨૨મી એપ્રિલથી વિધિવત પ્રારંભ થવાનો છે. જેમાં લીગ મેચ માટે કવૉલીફાય થનાર ૧૬ ટીમોના ખેલાડીઓને ટ્રેક શુટ, બુટ-મજા, કેપ જેવી કીટ પણ આપવામાં આવશે તથા ટૂર્નામેન્ટમાં ખેલાડી બાળકોને નાસ્તો, ડ્રિંકસ, જયુસ વગેરે પણ પુરા પડાશે. આ ૧૬ ટીમોની પસંદગી માટે હાલ કવૉલિફાઈંગ રાઉન્ડનો પ્રારંભ કરી દેવાયો છે. જે અંતર્ગત વિવિધ શાળાની ટીમો વચ્ચે ક્રિકેટ મેચ રમાડવામાં આવી રહી છે. આ સીસીએલ ટૂર્નામેન્ટ માટે આપણું ફાઉન્ડેશન તથા તેની સાથે જોડાયેલ સંસ્થાઓ જેવી કે સ્કાયગૃપ, ગુંજ ફાઉન્ડેશન તથા હેપ્પી યુથ કલબના સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યાં છે.

## આઈ લવ માય ગાંધીનગર



**કલ્યાણસિંહ ચુડાસમા**

અગ્રણી, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ સેવા

**ગાંધીનગર ગમે**

સ્વચ્છ, સ્વસ્થ, શાંત, હરિયાળું અને ગમે તેને સાચવી જાણે તેવું, સારું શિક્ષણ આપતું સુંદર શહેર હોવાથી ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

કર્મચારી વર્ગ હોવાથી ગણતરીપૂર્વક જીવવું પડતું હોવા છતાં ભરપૂર આનંદ માણતાં નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ આયોજિત સ્પર્ધાત્મક પરીક્ષાઓના કલાસ, રાજપૂત મહિલા મંડળની પ્રવૃત્તિઓ, સૌરાષ્ટ્ર-ભાલ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. જુનિયર સિટિઝન કાઉન્સિલની પ્રવૃત્તિઓથી એટલો પ્રભાવિત છું કે મારા નિવૃત્તિનાં નાણાંમાંથી મોટો હિસ્સો મેં દાનમાં આપી દીધો છે.

**નગરને બહેતર બનાવવા**

શિક્ષણ, નાના વ્યવસાયનો વિકાસ કરવા ઉપરાંત નગરને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાના પ્રયાસો જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

દરેક ક્ષેત્રે નગરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી શહેરનું ઋણ ચૂકવી રહ્યો છું ને ચૂકવતો રહીશ. જુસિકા જેવી સંસ્થા સાથે સેવામાં પ્રવૃત્ત છું ને રહીશ.

## સર્વ વિદ્યાલય કેમ્પસમાં સમર કેમ્પનું આયોજન

સર્વ વિદ્યાલય કેળવણી કેમ્પસ સે-૨૩માં કેજીથી ધો-૧૨ સુધીના ગાંધીનગર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના તમામ વિદ્યાર્થીઓ માટે તા. ૧૯-૪-૨૦૧૭ને બુધવારથી તા. ૨૪-૪-૨૦૧૭ને સોમવાર સુધી સમર કેમ્પનું આયોજન કરેલ છે. જેના ફોર્મ સવારે ૯.૦૦ થી બપોરે ૩.૦૦ કલાક દરમિયાન ક્રિએટીવ ઝોન, સર્વ વિદ્યાલય કેમ્પસ સે-૨૩ ખાતેથી મળશે.

## ઝેરી દવા ગટગટાવી લઈ અડાલજના યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા.૩૦

અડાલજ ગામમાં રહેતા ૪૦ વર્ષીય યુવાને પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી હતી. સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયેલા આ યુવાને રાત્રે દમ તોડયો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની વધુ તપાસ આરંભી છે.

અડાલજમાં રહેતા ૪૦ વર્ષીય રાજુભાઈ કાંતિભાઈ પટણીએ ૨૮ તારીખે સવારે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. તાત્કાલીક સારવાર માટે તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જો કે હાલત વધુ ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેને રીફર કરવામાં આવ્યો હતો. બે દિવસથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા આ યુવાને મધરાત્રે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. સારવાર દરમિયાન મોતને ભેટેલા આ યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને હેડ કોન્સ્ટેબલ ગીરીશભાઈએ આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## @ગાંધીનગર

● પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો ૨૧મો વાર્ષિક રસોત્સવ, ઈનામ વિતરણ તથા સ્નાતક શુભેચ્છા સમારોહ સવારે ૯ કલાકે સે-૧૨માં ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો નિશાબેન ભાવસાર પ્લોટ નં. ૬૦૯, ૧૦૪ પ્રમુખનંદન ફલેટ, સે-૨૨ ખાતે બપોરે ૨ થી ૫ કલાકે રાખેલ છે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો વીમલબેન પટેલ, પ્લોટ નં. ૧૦૩૫, સે-૨ ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાકે યોજાશે.

● માઈ મંડળ, સે-૨૩ દ્વારા આનંદનો ગરબો શિવશકિત મંદિર ખાતે બપોરે ૩ થી ૫ કલાકે યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો કાન્તાબેન ગોસ્વામી હડમતીયા ગામે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા રૂપાબેન ઉપાધ્યાય, પ્લોટ નં. ૯૫૪/૧, સે-૪-ડી ખાતે બપોરે ૩ થી ૬ કલાકે આનંદના ગરબાનું આયોજન કરેલ છે.

● શકિત મંડળ દ્વારા આનંદનો ગરબો અંબાજી મંદિર, સે-૧૪ ખાતે સવારે ૧૦ થી ૧૨ કલાકે યોજાશે.

● પરેશભાઈ દ્વારા આનંદનો ગરબો રક્ષાબા વાઘેલા, એસઆરપી ગ્રુપ ૧૨, બ્લોક નં. ૨૪, સે-૨૪ ખાતે સાંજે ૭ થી ૧૧ દરમિયાન યોજાશે.

● ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો પ્રિયલબેન જોષી, પ્લોટ નં. ૫૯૬/૨, સે-૭-ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાકે યોજાશે.

● ઉનાવા ગોગા મહારાજના મંદિરે રાત્રે ૮.૦૦ કલાકે રાસ-ગરબાની રમઝટ જામશે.

## વાતવાતમાં

● શહેરમાં ખ-૩ સર્કલેથી પસાર થયેલ પાણીના ટેન્કમાં લુઝ વાલ્વના કારણે ઢોળાયેલ પાણીથી અનેક ટુ-વ્હીલર ચાલકો સ્લીપ થયા હતા. શહેરમાં પાણીના ટેન્કરોની વધતી હેરફેરમાં 'લુઝ વાલ્વ'ના કારણે પાણીના વડફાટ ઉપરાંત તેમની બેદરકારીથી થતા અકસ્માતો પ્રત્યે તંત્રએ કડક પગલાં ભરવાનો સમય પાકી ગયો છે.

● ગાંધીનગરના મુખ્ય માર્ગો પર રાજકીય પક્ષો દ્વારા રોડ પર જ સુત્રો છાપવામાં આવ્યા છે. ઘ-૩ પથિકાશ્રમ સર્કલે જ છાપવામાં આવેલા આ પ્રકારના સુત્રને કારણે વાહનચાલકોનું ધ્યાન ભંગ થતા અકસ્માત થવાનું જોખમ ઉભું થવા પામ્યું છે.

● સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીના દિકરાએ સિકયુરિટી ગાર્ડને કોઈ કારણસર લાફો ઝીંકી દેતા હોબાળો થયો હતો. આ મામલે સમજાવટને અંતે સિકયુરીટી ગાર્ડે પોલિસ ફરિયાદ કરવાનું ટાળતા માંડ મામલો થાળે પડયો હતો.

● રાજયના મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાત લિખિત પ્રથમ પુસ્તક 'હેલ્લો ફ્રેન્ડસ'ની પસંદગી કરવામાં આવી છે. આ પુસ્તક હવે ગુજરાતની દરેક સરકારી લાયબ્રેરીમાં સ્થાન પામશે.

## ચિરવિદાય

- સ્વ. અંબાલાલ સોનાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. કનુજી વિક્રમજી ઠાકોર, ઉ.વ. ૩૦

